પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૧૩ | ૨૪ જાન્યુઆરી, ૨૦૨૧, રવિવાર; પોષ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર

## મહાનગરપાલિકાનું ૨૧ ફેબ્રુઆરીએ અને પાલિકા-પંચાયતનું ૨૮મીએ મતદાન યોજાશે



ગાંધીનગર,તા.૨૩

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ મોટા સમાચાર મળી રહ્યા છે. આજે ચૂંટણી પંચે મોટી જાહેરાત કરી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. બે તબક્કામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાશે. પ્રથમ તબક્કામાં મહાનગરપાલિકાની ચૂંટણી યોજાશે. ૨૧ ફેબ્રુઆરીએ પ્રથમ તબક્કાનું મતદાન થશે, જ્યારે બીજા તબક્કાનું મતદાન ૨૮ ફેબ્રુઆરીએ થશે. ૬ મહાનગર પાલિકાની ચૂંટણી ૨૧ ફેબ્રુઆરીએ અને ૮૧ નગર પાલિકાની ચૂંટણી ૨૮ ફેબ્રુઆરીએ તથા ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયતની ચૂંટણી યોજાવા તઈ રહી છે.

**પ્રથમ તબક્કામાં ૨૧મી ફેબ્રુઆરીએ મહાનગરપાલિકા અને ૨૮ ફેબ્રુઆરીએ બીજા તબક્કામાં ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતની ચૂંટણી યોજાશે જેનું પરિણામ ૨ માર્ચના રોજ યોજાશે : ૯૧ હજાર ૭૦૦થી વધુ ઇવીએમ સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાશે,અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર અને જામનગર મનપાની ચૂંટણી**

આજે ૨૩ જાન્યુઆરીના રોજ ગુજરાત ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જાહેરાત કરી છે. જેમા ચૂંટણી માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવાની તારીખ મહાનગરપાલિકા માટે ૦૧ ફેબ્રુઆરી તેમજ જિલ્લા/તાલુકા પંચાયત/નગરપાલિકા માટે ૮ ફેબ્રુઆરી નક્કી કરવામાં આવી છે. ત્યાં જ ઉમેદવારોને ઉમેદવારી પત્રો ભરવા માટેની છેલ્લી તારીખ ૬ ફેબ્રુઆરી તથા જિલ્લા/તાલુકા પંચાયત/નગરપાલિકા ૧૩ ફેબ્રુઆરી નક્કી કરાઈ છે. ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ મહાનગરપાલિકા માટે ૮ ફેબ્રુઆરી તથા બાકી તમામ જિલ્લા-તાલુકા માટે ૧૫ ફેબ્રુઆરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ખેડૂત નેતાઓની હત્યાના ષડયંત્રનો પર્દાફાશ

નવી દિલ્હી, તા.૨૩

નવા કૃષિ કાયદાને પાછો ખેંચવાની માંગણી સાથે દિલ્હી-હરિયાણા સિંધુ બોર્ડર પર ધરણા કરી રહેલા ખેડૂતોએ ચોંકાવનારો ખુલાસો કર્યો છે. સિંધુ બોર્ડર પર શુક્રવારે રાતે એક શકમંદ શૂટરને પકડવામાં આવ્યો છે. મીડિયા સાથે વાતચીત કરતા આ કથિત શૂટેરે દિલ્હી પોલીસ પર ગંભીર આરોપ લગાવ્યા છે. કથિત શૂટરનું કહેવું છે કે તેને ૨૬મી જાન્યુઆરીના રોજ કંઈક ખોટું થવા પર મંચ પર બેઠેલા ચાર ખેડૂત નેતાઓને ગોળી મારવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

પકડી લેવામાં આવેલા શૂટરે દાવો કર્યો છે કે ૨૬મી જાન્યુઆરીના રોજ કિસાન ટ્રેક્ટર રેલીમાં તે ગોળી ચલાવીને માહોલ ખરાબ કરવાનું ષડયંત્ર ઘડી રહ્યો અને મહિલાઓનું કામ લોકોને ઉશ્કેરવાનું હતું. શૂટરે કબૂલાત કરી છે કે તેણે ઝાટ આંદોલન વખતે પણ માહોલ ખરાબ કરવાનું કામ કર્યું હતું.

**સિંધુ બોર્ડરથી શૂટરની ધરપકડ, ૪ ખેડૂત નેતાની હત્યાનું ષડયંત્ર હતું : ૨૬મીએ ૪ કિસાન નેતાની ગોળી મારીને હત્યા કરવાની યોજના હતી : શૂટરે જણાવ્યું કે તે ૧૯મીથી સિંધુની બોર્ડર પર છે : ૨૬મી જાન્યુઆરીએ જ્યારે ખેડૂતો ટ્રેક્ટરની રેલી કાઢે ત્યારે તે તેમની સાથે ભળી જવાનો હતો**

હતો. કિસાનોએ જે શકમંદને પકડ્યો છે તેણે જણાવ્યું કે, ૨૩થી ૨૬ જાન્યુઆરી વચ્ચે ખેડૂત નેતાઓને ગોળી મારવાની હતી લગાવવામાં આવી હતી. શૂટરે જણાવ્યું કે ૨૬મી તારીખે કિસાન નેતાઓ જ્યારે મંચ પર બેઠા હોય ત્યારે ગોળી મારવાનો આદેશ હતો. આ માટે શૂટરને ચાર

શકમંદે ખુલાસો કર્યો છે કે દેખાવ કરી રહેલા ખેડૂતો હથિયારો લઈને જઈ રહ્યા છે કે નહીં તેની તપાસ માટે બે ટીમ કામે લોકોની તસવીરો પણ આપવામાં આવી હતી.

શૂટરે જણાવ્યું કે તે ૧૯મી જાન્યુઆરીથી સિંધુ બોર્ડર પર છે. તેણે જણાવ્યું કે ૨૬મી જાન્યુઆરીને જ્યારે ખેડૂતો ટ્રેક્ટર રેલી કાઢતા ત્યારે તે તેની સાથે ભળી જવાનો હતો. જો દેખાવકારો પરેડ સાથે નીકળતા તો તેમના પર ફાયરિંગ કરવાનું કહેવામાં આવ્યું હતું.

સિંધુ બોર્ડર પર ઝડપવામાં આવેલા શૂટરને ક્રાઈમ બ્રાંચની ઓફિસે લઈ જવામાં આવ્યો છે. તપાસ દરમિયાન માલુમ પડ્યું છે કે આરોપીનું નામ યોગેશ છે. તે સોનીપતના ન્યૂ જીવન નગરનો નિવાસી છે. પોલીસના કહેવા પ્રમાણે તે ધોરણ-૯ નપાસ છે. હજુ સુધી તેનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી.

**મમતાનું શક્તિ પ્રદર્શન**



પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીને આડે હવે માંડ એક મહિનાનો સમય બાકી રહ્યો છે ત્યારે તૃમણૂલ કોંગ્રેસના સુપ્રીમો અને મુખ્યમંત્રી મમતા બેનરજીએ પદયાત્રા યોજીને પોતાનું શક્તિપ્રદર્શન કર્યું હતું. નેતાજી સુભાષ ચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતિ પર સીએમ મમતા બેનરજીએ પદયાત્રા શરૂ કરી અને રેલીનો સંબોધતા પૂર્વે ભાજપ વિરુદ્ધ શંખનાદ પણ ફૂંક્યો હતો. મમતા બેનરજીએ શ્યામ બજારથી રેડ રોડ સુધી પદયાત્રાનું નેતૃત્વ કર્યું હતું. આ સાથે જ તેમણે પશ્ચિમ બંગાળમાં પોતાની પકડ જમાવી રહેલા ભાજપને પોતાની તાકાતનો પણ પરચો આપ્યો હતો.

# નેતાજીનો ત્યાગ, ઉર્જા, આદર્શ, તપસ્યા મોટી પ્રેરણા : મોદી

### વડાપ્રધાને પ.બંગાળમાં વિક્ટોરિયા મેમોરિયલ હોલમાં પરાક્રમ સમારોહનું ઉદ્ઘાટન કર્યું

કોલકાત્તા,તા.૨૩

નેતાજી સુભાષ ચંદ્ર બોઝની ૧૨૫મી



જયંતિ નિમિત્તે આયોજીત અનેક કાર્યક્રમોનું ઉદઘાટન કરવા માટે પીએમ મોદી કોલકાતા પહોંચ્યા હતા. વડાપ્રધાન મોદીએ વિક્ટોરિયા મેમોરિયલ હોલમાં પરાક્રમ સમારોહનું ઉદઘાટન કર્યું હતું. આ કાર્યક્રમમાં બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને પણ આમંત્રિત કરવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદીએ કોલકાતામાં નેતાજી ભવનની મુલાકાત લીધી હતી. અને નેતાજીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

પીએમ મોદીએ કોલકાતામાં નેશનલ લાઈબ્રેરીની મુલાકાત લઈને તેઓએ સુભાષચંદ્ર બોઝની પ્રતિમાને શીશ ઝુકાવી નમન કર્યું હતું. આ ઉપરાંત પીએમ મોદી કોલકાતાના વિક્ટોરિયલ મેમોરિયલ પણ પહોંચ્યા હતા.

વડાપ્રધાને સંબોધન કરતા જણાવ્યું હતું કે આજે નેતાજી જોવત કે ભારત કોરોના સામે સ્વયં લડીને સફળ થઈ રહ્યું છે. જાતે વેક્સિન બનાવી રહ્યું છે. અન્ય દેશોમાં વેક્સિન મોકલીને પણ મદદ કરી રહ્યું છે તે જોઈને તેમને કેટલો આનંદ થયો હોત. ભારતની સાર્વભૌમત્વને

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને

નવી દિલ્હી, તા.૨૩

પેટ્રોલ અને ડીઝલના વધતા જતા ભાવની અસર આગામી દિવસોમાં જોવા મળી શકે છે. કારણ કે દિલ્હીમાં પેટ્રોલના ભાવ નવા રેકોર્ડબ્રેક મોંઘવારી પર પહોંચી ગયા છે. ડીઝલ પણ ૭૬ રૂપિયા પ્રતિ લીટરની નજીક પહોંચી ચુક્યું છે. મુંબઈમાં પણ ડીઝલના ભાવ નવા રેકોર્ડ બ્રેક ઉંચાઈ પર છે. આજે સતત બીજા દિવસે ડીઝલના ભાવ વધી ગયા છે. ૬ જાન્યુઆરી ૨૦૨૧ પછી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. કોરોના વેક્સીનને લઈને આખી દુનિયામાં હલચલ છે. વેક્સીનેશનની શરૂઆત થઈ ચૂકી છે. જેથી ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી છે, તેની અસર ઘરેલૂ પેટ્રોલ અને ડીઝલના ભાવ પર પડી શકે છે. આગામી દિવસોમાં પણ રાહત મળવાની આશા ઓછી છે. આજે પેટ્રોલના ભાવ દિલ્હીમાં ૨૫ પૈસા વધી ગયા છે. જ્યારે ડીઝલ ૨૬ પૈસા પ્રતિ લીટર મોંઘુ થયું છે.

આ મહિને એટલે કે જાન્યુઆરીમાં પેટ્રોલના ભાવ અત્યાર સુધી ૧.૯૯ રૂપિયા પ્રતિ લીટર મોંઘુ થઈ ચૂક્યું છે.

મારૂતિ સોફા વોશીંગ
રીપેરીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216 9924244276
મોકાસણવાળા

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

TERMINAL-1
Veg. Food Court
ગીફ્ટ સીટી ગાંધીનગર પાસે, શાહપુર ગામ ચાર રસ્તા પર બનાવેલ ફૂડકોર્ટમાં તદ્દન નજીવા ભાડેથી રેસ્ટોરન્ટના બુકીંગ માટે મળો.
૯૮૨૫૦ ૫૧૨૫૬ - ભાવેશ ચૌહાણ

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

Possesion Starting Soon







Come Home to Distinctive Opulence

Enjoy the feeling of Luxury, Freedom & Privacy with the uniquely designed limited edition 3 BHK apartments. Independent from all 4 directions with 45 feet wide foyer between two units makes these a one of a kind living abode. Only for 42 privileged families.

2 DUPLEX UNIT DESIGN ON EACH FLOOR
SPECIAL ELEVATORS FOR EACH FLAT
BASEMENT CAR PARKING WITH DUAL PARKING DESIGN
SEPARATE ENTRY FOR HOUSEKEEPER
80MT WIDE FRONT FACADE FOR SHOWROOMS & ALL APARTMENTS
PROTECTIVE ENTRY GATE FOR EACH FLAT
DAY LIGHT SAVING & SUNSET FACING DESIGN FOR EACH FLAT
ALL BALCONIES FACING WIND DIRECTION

True Blend of Nature & Luxury

We are proud to present High End Apartments with *(Largest Garden Space In Gandhinagar)* 45,000 SqFt Tropical Central Courtyard, Recreational areas, Sports zones & all other major Amenities at 350 ft wide PDPU GNLU University Cross Road Raysan, Gandhinagar

75% Open Land Space 25% Coverage
2 ELEVATORS IN EACH BUILDING
BASEMENT CAR PARKING WITH DUAL PARKING DESIGN
TRIPLE FOYER ENTRANCE
350 FEET WIDE H'WAY FRONT FACADE
LIMITED UNITS WITH TERRACE GARDEN
VASTU DESIGNED HOMES WITH POOJA ROOM
ALL MAJOR AMENITIES, SPORTS & HEALTH CLUB

विनायक SKY DECK The Iconic Address

Besides PDPU GNLU University, GIFT City Highway, Raysan, Gandhinagar
Jay Purohit : 98240 74454 Vikrant Purohit : 98255 06929 Aditya Goenka : 97806 19291
Vinayak Group Gandhinagar VinayakEstate VinayakGroup

विनायक SARAL COURTYARD More Space More Luxury

www.gujrera.gujarat.gov.in RERA REG. NO. : PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/MAA04520/291218 RERA : GJ/GANDHINAGAR/GANDHINAGAR /AUDA/MAA07612/291020 www.gujrera.gujarat.gov.in